## વિભાગીય કપાસ સંશોધન કેન્દ્ર, આ.કૃ.યુ., વિરમગામની મુલાકાતે
## પી.એમ. શ્રી કેન્દ્રીય વિદ્યાલય, વિરમગામના વિદ્યાર્થીઓ

વિભાગીય કપાસ સંશોધન કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી, વિરમગામ ખાતે પી.એમ.શ્રી કેન્દ્રીય વિદ્યાલય, વિરામગામમાં અભ્યાસ કરતાં કુલ ૧૩૫ જેટલા વિદ્યાર્થીઓ અને શિક્ષકો શાળાના આચાર્યશ્રી અવધેશ કુમાર પ્રસાદના માર્ગદર્શન અને ઉપસ્થિતી હેઠળ કૃષિ વિષયક માહિતી માટે તા.૦૫/૦૨/૨૦૨૫ ના રોજ કેન્દ્રની મુલાકાત લીધી. આ અન્વયે ડૉ. ડી. આર. પાટીદાર, યુનિટ વડા દ્વારા કેન્દ્ર ખાતે ચાલતી વિવિધ શિક્ષણ, સંશોધન અને વિસ્તરણ પ્રવૃત્તિઓ વિશે વિસ્તૃત સમજ આપી. તેમજ, શ્રી ટી.આર.બાવળીયા, ખેતી મદદનીશ અને શ્રી આર.સી.પટેલ, ખેતી મદદનીશ દ્વારા ખેતી પધ્ધતિનું જીવનમાં મહત્વ, જુદા-જુદા પાકોની ઓળખ, પ્રાકૃતિક ખેતીથી થતાં ફાયદા, કૃષિ યાંત્રિકીકરણની ઓળખ તેમજ તેના ઉપયોગ વિષે માહિતી આપી અને સંશોધન ફાર્મની મુલાકાત કરાવી વિવિધ કૃષિ વિષયક તાંત્રિકતાઓ વિષે માહિતગાર કરવામાં આવ્યા. વધુમાં કાર્યક્રમના અંતે શાળાના ફિઝીકલ ઈન્સટ્રકટર દ્વારા કેન્દ્રનો આભાર માનવામાં આવ્યો.




